
# આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

### આજે રાશિ ધન

### આજના ગ્રહોની કુંડળી




### કાલસર્પ યોગ અને ચાંડાલ યોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

**મેષ** દસમે શુક્ર - દૂધ, ઘી, મીઠાઈ, આઈસક્રીમનો ધંધો કરનાર વ્યક્તિને બહોળો મોટો નફો - ફાયદો કરાવી શકે છે. આઠમે શનિ મંગળની યુતિ નુકસાન પમ કરાવી શકે છે - મિશ્રફળ મળશે.

**વૃષભ** ચોથે ગુરુ - દસમે સૂર્ય બુધ - સાતમે શનિ મંગળ તમારો દિવસ પસાર કરવામાં ચડ ઉતર લાવી શકે છે. માતા તરફથી - પીતા તરફથી લાભ મળે - જ્યારે પત્ની સાથે વિસંવાદીતા ઊભી થાય - ચડભડ થાય.

**મિથુન** સાતમે ચંદ્ર આજે તમારી રાશિ માટે લાભકારક છે - લોકભાગીદારીમાં ફાયદો થાય - પત્નીથી સુખ મળે. છઠ્ઠે શનિ - મંગળ - શત્રુ - રોગોનો નાશ કરે જે લાભદાયક છે. આઠમે શુક્ર વિલાસી બનાવે - દિવસ સારો જાય.

**કર્ક** સાતમે શુક્ર મિત્રો - પત્ની - લોકભાગીદારીવાળા મિત્રોથી આપને મોટો ફાયદો કરાવે - આઠમે સૂર્ય કેતુની યુતિ આપને દઝાડે નહીં તેનું ધ્યાન રાખવું. પડવા - વાગવા - દાઝવાથી સાચવવું - મિશ્રફળ મળે.

**સિંહ** રાશિ ઉપર સૂર્યની દ્રષ્ટિ હોઈ રાશિ સ્વગૃહી ઉચ્ચની થાય છે તેથી ગુરુ - રાહુની ખરાબ અસરો થતી નથી. વાત - પિત્ત - કફ - સમશીતોષ્ણ રહેશે - તંદુરસ્તી જળવાશે. કાલસર્પ યોગ નમઃ શિવાયના જાપ કરવા.

**કન્યા** ત્રીજે સ્વગૃહી મંગળ - ચોથે ચંદ્ર નોકરીઆતોને બઢતી અપાવે તેવા યોગો છે. પાંચમે શુક્ર સંતાનોના ભણવામાં એકાગ્રતા આવવા ન દે - મન ભટકતું રાખે - સંતાનોના ભણતર ઉપર ધ્યાન રાખવું.

**તુલા** રાશિનો માલિક ચોથે છે જે દસમે દ્રષ્ટિ કરે છે તેથી માતા - પિતા તરફથી આર્થિક લાભ મળે. ન્યાયતંત્ર સાથે સંકળાયેલા માણસોને આર્થિક લાભ મળે - (વકીલોને) દિવસ સારો જશે.

**વૃશ્ચિક** રાશિ પતિ રાશિમાં હોઈ શનિની વાયુતત્ત્વવાળી ખરાબ અસરો નાબૂદ થઈ જશે - તંદુરસ્તી જળવાઈ રહેશે. શારીરિક જુસ્સો અને શક્તિ વધશે. લડવૈયા બનશો - કોઈને નમશો નહીં - નસીબવંતો દિવસ છે.

**ધન** રાશિમાં ચંદ્ર સાહિત્ય અને કવિતાઓની રચના કરવા પ્રેરે - ચંદ્ર થોડા તરંગી પણ બનાવે. બારમે મંગળ - શનિ ખર્ચના ખોટા ખાડામાં ન ઉતારી દે તે માટે સાવચેત રહેવું. મિશ્ર ફળ મળે.

**મકર** રાશિમાં શુક્ર વિલાસ બનાવે - બીજે સૂર્યની આઠમે રાહુ ઉપર દ્રષ્ટિ તમોને પડવા - વાગવા - દાઝવાથી સાચવવાનું સૂચવે છે - બને તેટલી કાળજી રાખશો - 'નમઃ શિવાય'ના જાપ કરવા હિતાવહ છે.

**કુંભ** રાશિવાળા ડૉક્ટરોને પ્રેક્ટીસ ખૂબ જ સારી ચાલે - આજે આવક સારી આપે - ફક્ત ઉતાવળમાં તમારા હાથે કોઈ કેસ ફેલ ન જાય તેનું ધ્યાન રાખવાનું રહેશે - દિવસ સારો જશે.

**મીન** બારમે સૂર્ય બુધ ખોટા ખર્ચા કરાવે - રાશિપતિ ચાંડાલ યોગમાં રાહુ સાથે છે જેથી ગુરુ દુષિત બને છે. માટે વાયરલ ઈન્ફેકશન - કફ - શરદીથી બચવાના તમામ ઘરગથ્થું ઉપાય કરવા.

# તલોદ તાલુકામાં વન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાની કેટલીક પ્રાથમિક શાળાઓ ખાતે 'વન છે તો જીવન છે' એ વિષય અંતર્ગતના કાર્યક્રમનું આયોજન સંપન્ન થયુ હતુ. જેમાં ધો. ૧ થી ૮ના બાળકોને તથા સ્ટાફ પરિવારને વન સંપદાની ઓળખ અને તેની જાણકારી માલપુરના વન પંડિત દિનેશ ઉપાધ્યાયે પુરી પાડી હતી.

દિન પ્રતિદિન પર્યાવરણનો બેરોકટોક સોથ વાળી દેવામાં આવી રહ્યો છે ત્યારે પર્યાવરણની જાળવણી અને વૃક્ષોની અગત્યતા જન માનસ સુધી પોહંચાડવા આવા કાર્યક્રમો આવકારદાયક હોવાનું લેખાઈ રહ્યું છે. તે અંગેના સરકારના અભિગમ અન્વયે વૃક્ષ ઉછેર માલપુર ગ્રામ વન વિકાસ મંડળના દાવા મુજબ તલોદ તાલુકાના મહિયલ, તલોદ, હરસોલ, ગોરા, સલાટપુર, મોહુકા અને ભરડીયા તથા તાજપુર કેમ્પ અને પ્રાંતિજ તાલુકાના મજરા ગામની પ્રાથમિક શાળાના બાળ વિદ્યાર્થીઓને 'વન છે તો જીવન છે' તે સંદર્ભનું પ્રશિક્ષણ પુરૂ પાડવામાં આવ્યુ હતુ. જેનો લાભ તાલુકાના ૧૬૨૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તથા ૧૦૦ જેટલા શિક્ષકોએ લીધો હતો.

## તન-દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

એનો અર્થ એ થાય કે કમળો છે કે નહિ એ જાણવા માટે એસ.જી.પી.ટી. નો ટેસ્ટ કરવો અગત્ય નો છે. સવિતા એ કહ્યું અરે વાહ! સાધના તુ તો ખુબ હોંશિયાર છે. ઉલ્ટી જેવું થાય. પેટ મા દુખે. અને ખાવાનું ઓછું થઈ જાય ત્યારે કમળો છે કે નહિ એના માટે પહેલા લેબોરેટરીમા જઈ ને એસ.જી.પી.ટી. નો ટેસ્ટ કરાવી લેવો જોઈએ. જો એસ.જી.પી.ટી. વધારે હોય તો સાથે ટોટલ બીલીરુબીન. ડાઈરેકટ બીલીરુબીન અને ઈન- ડાઈરેકટ બીલીરુબીન કરાવી લેવું જોઈએ. પણ હે સવિતા આ લોકો કહે છે કે ઝેરી કમળો છે કે પછી સાદો કમળો છે. એ શું છે,અને એ કેવી રીતે ખબર પડે? સવિતાએ કહ્યું સાધના ખરેખર તે મુદ્દાનો પ્રશ્ન પૂછ્યો છે. કમળાના બધાજ વાઈરસ આમતો ખરાબજ હોય છે પણ સાંભળ હિપેટાઈટિસ-એ, હિપેટાઈટિસ-બી, હિપેટાઈટિસ-સી, હિપેટાઈટિસ-ઈ વગેરે વાઈરસ થી કમળો થાય છે. જેમા હિપેટાઈટિસ-બી નામના વાઈરસ ને ઝેરી કમળા ના વાઈરસ તરીકે ગણી શકાય. સાધનાએ પૂછ્યું કેવી રીતે? સવિતાએ કહ્યું સાંભળ હિપેટાઈટિસ-બી ના વાઈરસમા મગજ ઉપર ખુબ ખરાબ અસર થતી હોય છે અને કોઈ વખત દદી બેભાન જેવો અથવા કોમામા જતો રહે છે. સાધનાએ પૂછ્યું કે એની ખબર કેવી રીતે પડે કે એ કોમમા જાય છે? સવિતાબેન બોલ્યા કે લોહીમા એમોનીયા નો ટેસ્ટ કરવો જોઈએ. જે સામાન્ય રીતે ૦ થી ૯૦ મીલીગ્રામ સુધી નોર્મલ હોય છે. એ ૯૦ કરતા વધારે આવે તો કોમાની શક્યતા વધી જાય છે અને દદી ને દવાખાનામા દાખલ કરીને ખાસ તકેદારી રાખવી પડે છે. સવીતા આ વાઈરસ કેવી રીતે ખબર પડે કે એ એ,બી,સી કે પછી ઈ છે. સાધના હવે મારે મોડુ થાય છે, રસોઈ બનવાની બાકી છે બધા જમવા આવશે. આની વાત પછી કરશું. પણ સવિતા કમળા ના દદીનું અને ઘરના બીજા સભ્યો નું શુ ધ્યાન રાખવાનું? સાંભળ સાધના ઉતાવળ છે પણ તને કહું, જેને કમળો થયો હોય તેને અલગ રાખવો. એના કપડા જુદા રાખવા, જંતુનાશક દવા નાખી ૧૦ મિનીટ ઉકાળવા. એનુ લોહી બીજા ના લોહીના સંપર્ક માં ના આવે એનુ ધ્યાન રાખવું. એનુ થુંક અને પરસેવો બીજાને ન અડે એનુ ધ્યાન રાખવુ. બ્રહ્મચર્ય પાળવું. સાદો પ્રવાહી ખોરાક લેવો. બને એટલો ગ્લુકોઝ વધારે લેવો. અલી બસ હવે મારે મોડુ થાય છે

(નોધ : દરેક ટેસ્ટ ની નોર્મલ રેન્જ લેબોરેટરી અને ટેસ્ટ ની કીટ મુજબ બદલાય છે.)

વધારે સંપર્ક માટે : sgpathlab@gmail.com

વધુ આવતા અંકે...



## મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામે હત્યાનો પ્રયાસ

બાંઠીવાડા ગામના રહીશ જેશાભાઈ નાનાભાઈ ડામોર પોતાના ઘરે પોતાના પરિવાર સાથે રાત્રે નિદ્રાધીન હતા તેવા અરસામાં રાત્રે સવા બારેક વાગ્યાની આસપાસ કોઈક અજાણ્યો શખ્સ ઘરમાં પ્રવેશ કરી જેશાભાઈને મારી નાખવાના ઈરાદા સાથે જેશાભાઈના ખાટલા નીચે કૂવામાં બ્લાસ્ટ કરવાની કેપ મુકી વાયર જોઈન્ટ કરી પાવરથી બ્લાસ્ટ કરતાં જેશાભાઈને બરડાના ભાગે અને માથાના ભાગે આ બ્લાસ્ટથી મોટી ઈજાઓ પહોંચી હતી. અને આ બ્લાસ્ટથી તેમના મોટા ભાઈ જાગી ગયા હતા ત્યારે ભાથીભાઈ વાઘાભાઈ ડામોરને ભાગતો જોતાં તેને પકડવાની કોશિશ કરતા આ આરોપી ભાગી છુટવામાં સફળ રહ્યો હતો અને ત્યારબાદ જેશાભાઈને તાબડતોડ મેઘરજ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે મોડાસા રિફર કરાયો હતો. આ તમામ ઘટનાની ફરિયાદ જેશાભાઈએ મેઘરજ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે ફરાર આરોપી ભાથીભાઈ વાઘાભાઈ ડામોર રહે. બાંઠીવાડાને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# તલોદ ખાતે જૈનાચાર્ય શાંતિસાગરજીનુ આગમન

તલોદ, તા. ૩

સાબરકાંઠાના પાટનગર હિંમતનગર મુકામે ચોમાસુ ગાળી હિંમતનગરના જૈન સમાજને આશીર્વાદ આપી દેવદર્શન કર્યા બાદ વિહાર કરતા-કરતા અહમદપુરાથી તલોદ ધર્મનગરીમાં દિગંબર જૈન મુનિ મહારાજ અને તેમની સાથે સંઘમાં સામેલ વસંતીદીદી, કલ્પનાદીદી તેમજ દિપાદીદી તા. ૧-૩-૨૦૧૬ના દિવસે સાંજના આવી પહોંચતા તલોદના દિગંબર જૈનભાઈ-બહેનોએ ભગવાન મુનિસુવ્રતનાથના મંદિરે સામૈયુ કર્યુ હતુ. આ વેળાએ જૈન યુવા શ્રેષ્ઠીઓ, ત.ના. બેન્કના મેનેજીંગ ડીરેક્ટરશ્રી ચંદ્રેશભાઈ, પરેશભાઈ શાહ, નીતિનભાઈ શાહ, હરમિતભાઈ ગાંધી, શૈલેષ રસીકભાઈ શાહ, વિપુલભાઈ રાકેશ શાહ (ના.બેન્ક), તેમજ અનેક યુવાનો અને જયંતિલાલ તલકચંદ શાહ, જયંતિલાલ નેમચંદ્ર ગાંધી, જયકુમાર ગાંધી, બીપીનભાઈ શાહ, રજનીભાઈ દોશી, જયંતિલાલ શાહ તેમજ અનેક જૈન સમાજના વડીલો, મુનિશ્રીને મંદિરમાં લઈ ગયા હતા. સાથે દીદીઓ પણ હતી. જ્યાં મહારાજશ્રીએ ભગવાન મુનિશ્રુતનાથ ભગવાન ચંદ્રપ્રભુ, ભગવાન શાંતિનાથ તેમજ વિવિધ બિરાજમાન પ્રતિમાના દર્શન કર્યા હતા.

ત્યારબાદ શ્રી ૧૦૮ શાંતિસાગર મુનિમહારાજ તેમજ તેમના સંઘને મોટા મંદિર ભગવાન આદિનાથ પ્રભુના મંદિરે દોરી ગયા હતા અને ત્યાંથી ગુણવંતભાઈ કચરાલાલ વિગેરે ભગવાન પાશ્વનાથના ત્રીજા મંદિરે લઈ જઈ દર્શન કરાવ્યા હતા. ત્યાંથી પરત સાંતિસાગરજી મુનિમહારાજ મોટા મંદિરે આવી જઈ પ્રભુના દર્શન કર્યા હતા. જૈન ધર્મની જયજયકાર કરતા જૈન યુવાનોએ મહારાજશ્રીની સાંજે વૈયાવૃત્તી કરી હતી.

## માવઠું...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. માત્ર અમદાવાદમાં જ નહી રાજ્યના અનેક ભાગોમાં પણ કમોસમી વરસાદ થયો છે. જેમાં અમરેલી, મોરબી, ભાવનગર સહિતના શહેરોમાં ભારે વરસાદ થયો હતો. અમરેલી જિલ્લાના ધારી, સાવરકુંડલા અને અન્ય વિસ્તારોમાં પણ વરસાદ થયો હતો. ઉનાળાની શરૂઆત થાય તે પહેલા જ વરસાદ પડ્યો છે. પ્રવાસી સ્થળ તરીકે ભારે લોકપ્રિય સાપુતારામાં પણ વરસાદ થયો હતો. બનાસકાઠાના કેટલાક ભાગોમાં ગઈકાલે કરા સાથે વરસાદ થયો હતો. બુધવારના દિવસે ડાંગના વિવિધ ભાગોમાં હળવો વરસાદ થયો હતો. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ વરસાદ થયો છે. હવામાનમાં એકાએક પલટો આવ્યા બાદ હજુ વરસાદી માહોલ રહેવાની આગાહી કરવામાં આવી છે.

## ગ્રોથ એન્જિન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિકાસ, દવા અને વ્યવસ્થાની પરિસ્થિતિનો વિકાસ, ગાયો કપાતી હોય તો તેનો વિકાસ આ બધો વિચાર આની સાથે ચિંતાજનક છે. ગુજરાત અને ગુજરાતીઓ ગંભીર નાણાકીય ગેરશિસ્તમાં અટવાતા અને ધકેલાતા જાય છે. દેવું કરીને ઘી પીવું જોઈએ એ કહેવત ચરિતાર્થ કરીને આ ભાજપ સરકારે પહેલેથી જ કરોડો રૂપિયાના દેવાના ઘીના કુંડામાં આપણને સૌને ડુબાડ્યા છે. ઘી પીવું જોઈએ પણ બધાને પીવું જોઈએ, સરકારે એકલાએ નહીં, ગુજરાતની પ્રજાને પણ આ ઘી પીવામાં ભાગીદાર બનાવવી જોઈએ.

## નર્મદાનું પાણી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રીનસિટી વસાહતમાં પાણી વિતરણ વ્યવસ્થા લાંબા સમયથી જી આઇ ડી સીની એક મધ્યસ્થી સંસ્થા ગેઝિયા રાહે ગોઠવાયેલી હોવાથી રહીશોએ પાણી મેળવવા માટે વર્ષે દસ ગણો વધુ ખર્ચ કરવો પડતો હતો. જયારે આ વિસ્તારમાં સેકટરોની જેમ નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે ગ્રીન સીટીના રહીશો તેમજ ગેઝિયા એસોસિએશન દ્વારા વખતોવખત ગાંધીનગરના ધારાસભ્યને પણ રજુઆત કરવામાં આવી હતી. આ દરમિયાન ગાંધીનગરના ધારાસભ્ય અશોક પટેલ દ્વારા પણ ગ્રીનસિટીમાં નર્મદાનો પાણી પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે મુખ્યમંત્રીને મળીને રજુઆત કરવામાં આવી હતી. જેના ફળસ્વરૂપે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગ્રીન સીટી વિસ્તારમાં નર્મદાનુ પાણી પુરવઠો પહોંચતો કરવા વ્યવસ્થા ગોઠવવા સુચના આપી હતી. મુખ્યમંત્રીએ વિભાગના અધિકારીઓને બોલાવીને ગ્રીનસિટી વસાહતમાં નર્મદાનુ પાણી મળે તે માટે ત્વરિત પગલા લેવા જણાંવ્યુ હતુ જેના પરિણામે ગ્રીન સીટીની વર્ષો જુની માંગણી સંતોષાતા રહીશોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. મુખ્યમંત્રીના આ નિર્ણય થી ગ્રીન સીટીના ૯૨૮ પરિવારજનોને લાભ મળશે. જયારે ગ્રીનસીટીમાં રહેતા અંદાજિત ૫ હજાર નાગરિકોને નર્મદાનુ પાણી ફોર્સથી ઉપલબ્ધ થશે. બીજીતરફ ગ્રીનસીટીના વસાહતીઓએ પાણી માટે દરવર્ષે વસુલાતા વેરાની સામે તોતિંગ ખર્ચ વેઠવો પડતો હતો. જયારે હવે નવી વ્યવસ્થા ગોઠવવાનુ આયોજન થતા પાણીની સમસ્યા હળવી થવાની સાથે માત્ર સેકટરોના જોડાણકર્તાઓની જેમ પાણીવેરો ચુકવવાનો રહેશે.

## તલોદ તાલુકાના રૂપાલ ગામે ત્ર્યબંકેશ્વર મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ક્ષત્રિય કોમની મોટી વસ્તી ધરાવતા રૂપાલ ગામે ગ્રામજનોના અજોડ સહકાર અને સાથ સાથે શ્રી ત્ર્યંબકેશ્વર મહાદેવનો પ્રતિષ્ઠા મહોત્સવ શનિવાર તા. ૫-૩-૨૦૧૬થી સોમવાર તા. ૭-૩-૨૦૧૬ સુધી રંગેચંગે ખૂબજ ઉમદા ભાવથી યોજાનાર છે. પ્રથમ દિવસે દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત, પૂજા પ્રારંભ, મંડપ પ્રવેશ, કુટિર હોમ, ધાન્ય દિવસ, સાંય પૂજન આરતી થશે. બીજે દિવસે જલયાત્રા, મહાન્યાસ વિધિ વિગેરે થશે. અને છેલ્લા દિવસ ૭-૩-૧૬ના રોજ સ્થાપિત દેવાનું પ્રતિપૂજન, પ્રાણ પ્રતિષ્ઠા, પૂર્ણાહૂતિ અને મહાઆરતી સમસ્ત ગ્રામજનોની હાજરીમાં થશે.

# પાલનપુરમાં ત્રણ દિવસ પાણી પુરવઠો બંધ રહેશે

## ઉનાળાના પ્રારંભે જ તંત્રની લાલિયાવાડી : સમારકામને કારણે ધરોઈનું પાણી બંધ રખાશે

પાલનપુર, તા. ૩

પાલનપુરમાં આજથી ત્રણ દિવસ સુધી ધરોઈ યોજનામાંથી શહેરીજનોને અપાતો પાણી પુરવઠો સંપના સમારકામને લઈને બંધ રાખવામાં આવશે તેવી જાહેરાત નગરપાલિકા તંત્ર દ્વારા શહેરીજનોને કરાતા ઉનાળાના પ્રારંભે જ પાણીની બુમરાડ શહેરમાં ઉઠવા પામી છે.

પાલનપુરમાં મોટા ભાગના વિસ્તારોમાં ધરોઈ યોજના અંતર્ગત પાણી પુરવઠો અપાય છે. અને જુદા જુદા બોર દ્વારા પાણી અપાય છે. શહેરના આંતરિક અને હાઈવે વિસ્તારના મોટા ભાગના વિસ્તારોમાં ધરોઈમાંથી પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે.

આમ માર્ચના આરંભે એટલે કે ગરમીની શરૂઆતમાં જ નગરપાલિકા અને પાણી પુરવઠા વિભાગ અને ધરોઈ યોજનાનું સમારકામના બહાને પાલનપુરવાસીઓને પાણી વિના સતત ત્રણ દિવસ સુધી આકરી સમસ્યા ભોગવવી પડશે. આ અંગે નગરપાલિકાના પાણી પુરવઠા કમિટિના ચેમરેન શાંતિભાઈ પઢીયારે શહેરીજનોને જ્યાં તંગી હશે ત્યાં ટેન્કરો દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરાશે તેમ મોડી સાંજે જણાવ્યું હતુ.



ખેડા જિલ્લાના કણજરી નગરપાલિકામાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં કુલ ૨૪ બેઠકોમાંથી ૨૧ બેઠકો મેળવી ભાજપે બાજી મારી લીધી હતી. આ નિમિત્તે બુધવારે નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રૂપાણીની હાજરીમાં વિજયોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં ખેડા જિલ્લા પંચાયતના કનીજ બેઠકના કોંગ્રેસમાંથી ચૂંટાયેલા સભ્ય વનરાજસિંહ જાદવે કોંગ્રેસને રામ રામ કરી પ્રદેશ પ્રમુખના હસ્તે ભાજપનો ખેસ ધારણ કરી લીધો હતો. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, પ્રભારી અને પૂર્વ મંત્રી જયસિંહજી ચૌહાણ, વિધાનસભાના મુખ્ય દંડક અને નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, જિલ્લા ભાજપ પ્રમુખ સુરેશભાઈ ભટ્ટ, જિલ્લા પંચાયતના પ્રમુખ જયંતિભાઈ સોઢા સહિત જિલ્લા, તાલુકાના વિવિધ પદાધિકારીશ્રીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ખેડા જિલ્લા પંચાયતના પરિણામ બાદ તુરંત જ કોંગ્રેસમાંથી છેડો ફાડી સભ્ય જયંતિભાઈ સોઢા ભાજપમાં જોડાયા હતા અને હાલમાં બીજા સભ્ય વનરાજસિંહ જાદવ પણ ભાજપમાં જોડાતા ખેડા જિલ્લા કોંગ્રેસમાં સોંપો પડી ગયો હતો.

## પ્રિયંકાને..

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપી છે. આ અઈગાઉ પ્રિયંકા ગાંધી માત્ર કોંગ્રેસ માટે કેટલીક જગ્યાએ પ્રચાર કરતા રહ્યા છે. જો કે પ્રિયંકા માત્ર અમેઠી અને રાયબરેલી સુધી હજુ સુધી મર્યાદિત હતા. હવે સમગ્ર યુપીમાં તેમની જવાબદારી દેખાઈ રહી છે. કોંગ્રેસનુ નેતૃત્વ પ્રિયંકા સંભાળે તેવા સંકેત મળી રહ્યા છે. કોંગ્રેસના ટોપ નેતાઓ છેલ્લા ઘણા સમયથી વારંવાર પ્રિયંકાને સક્રિય રાજનિતીમાં લાવવા માટે દબાણ લાવતા રહ્યા છે. લોકસભા અને વારંવાર જુદા જુદા રાજ્યોમાં ચૂંટણીમાં કોંગ્રેસની હાર બાદ આ પ્રકારની માંગ કરવામાં આવતી રહી છે. જો કે પ્રિયંકાને લાવવામાં સફળતા મળી નથી. સોનિયા ગાંધી અને રાહુલને કોંગ્રેસમાં નવા પ્રાણ ફુંકવામાં સફળતા મળી રહી નથી. છેલ્લા તમામ પ્રયાસો બન્ને નેતાઓ દ્વારા કરાઈ રહ્યા હોવા છતાં તેમાં સફળતા મળી નથી. બેરોજગારી અને કાળા નાણાંને લઈને પ્રિયંકા મોરચા સંભાળે તેમ માનવામાં આવે છે.

## ગુડા દ્વારા..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યુ છે. આ ઉપરાંત વાવોલમાં ટી પી સ્કીમ નં-૧ ૩માં રૂ ૯.૭૧ કરોડના ખર્ચે ૨૫ લાખ લીટરનો સંપ ૫ લાખ લીટરની ઉંચી ટાંકીનુ નિર્માણ કરવા માટેના કામનુ પણ ભુમિપુજન કરાશે. ગુડાના ચેરમેન આશિષ દવે દ્વારા આ કામોનુ લોકાર્પણ તેમજ ભુમિપુજન કરવામાં આવશે. આ યોજનાના અંતે વાવોલમાં પીવાના પાણીની સુવિધા વધુ અસરકારક બનશે.

## વિજકડાકા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અહેસાસ કરી રહયા છે. ત્યારે દિનપ્રિતિદિન ગરમીનો પારો પણ ઉંચકાતા ઠંડી હવે અદ્રશ્ય થઈ ગઈ છે. ત્યારે ગત મોડી રાતે વાતાવરણમાં અચાનક જ નાટ્યાત્મક બદલાવ જોવા મળ્યો હતો. જેમાં રાત્રિના ૩ વાગ્યાના અરસામાં આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે ગગનભેદી વિજકડાકા સાથે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. જો કે વરસાદ કરતા અસહ્ય વિજકડાકાના લીધે નગરજનો ઉંઘમાંથી સફાળા જાગી ગયા હતા. મહા મહીનામાં મોડીરાતે ખાબકેલા વરસાદી ઝાપટાના લીધે શહેરમાં ચોમેર ભીંજારાનુ વાતાવરણ છવાઈ ગયુ હતુ. બીજીતરફ કમૌસમી વરસાદી ઝાપટાના લીધે ખેડુતઆલમમાં પણ ચિંતાનુ મોજુ ફરિ વળ્યુ છે. જિલ્લામાં વરસાદી વાયરાના લીધે ખેતપાકોને પણ નુકશાન થવાની વકી હોવાથી ખેડુતોની મીટ પણ આકાશ તરફ મંડરાઈ હતી. આ વરસાદના લીધે જીરૂ તેમજ વરિયાળીના પાકને પણ વિશેષ નુકશાન થયુ હોવાનો અંદાજ છે. વરસાદી વાયરાના લીધે વાતાવરણમાં ભેજના પ્રમાણમાં પણ આજે નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ભેજનુ પ્રમાણ ૮૩ ટકા જેટલુ રહયુ હતુ. જયારે ગત માડી રાતે થયેલા વાતાવરણ પલ્ટાના અંતે પણ આજે મહત્તમ તાપમાન યથાવત રહયુ હતુ. દિવસે ઉઘાડ નિકળેલો રહેતા આકાશમાંથી વરસાદી વાદળો દુર હટી ગયા હતા.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**● જિલ્લામાં ઈન્દિરા આવાસ**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્યશ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ૨૦૧૪-૧૫માં બંધાયેલા આવાસ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૪-૧૫માં ૫૬ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ પૈકી ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ૫૬ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપી દેવામાં આવી છે.

● ફિડરોનું વિભાજન

ગાંધીનગર (દ)ના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરે ફિડરોના વિભાજન અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઉર્જા મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળી રહે તે માટે જિલ્લામાં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૧૮૬.૨૨ લાખના ખર્ચે કુલ ૨૧ ફિડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

● પંચાયતોનું વિભાજન

કોંગીના માણસાના ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીએ ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં પંચાયતોના કરાયેલા વિભાજન અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે જિલ્લામાં ૧૨ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું છે.

વિભાજન કરાયેલ આ પંચાયતોને રેવન્યુ પંચાયતનો દરજ્જો આપવાની કોઈ જોગવાઈ નહિ હોવાનું પંચાયત મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● કલોલમાં વેટની વસુલાત

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે કલોલ તાલુકામાં ઔદ્યોગિક ગૃહો પાસેથી વેચાણવેરાની વસુલાત અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાણાંમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકામાં ૧૧૦ એકમો પાસેથી રૂ. ૭૨૧.૮૩ લાખની રકમ વસુલ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે ૧-૨-૧૪થી ૩૧-૧-૨૦૧૫ સુધીમાં ૧૨ કેસમાં રૂ. ૨૦૬.૩૬ લાખની વસુલી બાકી છે. એજ પ્રમાણે ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ની સ્થિતિએ ૧૦૮ કેસમાં રૂ. ૧૬૩૭.૪૯ લાખની વસુલી બાકી નીકળે છે.

તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે વેચાણવેરા કાયદા અને વેટના કાયદા અન્વયે લેવા પાત્ર પગલાં લેવામાં આવી રહ્યા છે.

## ગતિ મંદ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૪માં વૃદ્ધિ દર ઘટીને ૭.૧ ટકા થયો અને વર્ષ ૨૦૧૪-૧૫માં માથાદીઠ રાજ્યનું ચોખ્ખું ઘર ઘથ્થું ઘટીને ૬.૮ ટકા નોંધાયો છે.

તારીખ ૨૬-૨-૨૦૧૬ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા આર્થિક સર્વે ૨૦૧૫-૧૬ સંસદમાં રજૂ કરવામાં આવેલ, આ સર્વે પ્રમાણે રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું માનવ વિકાસ (૨૦૦૭-૦૮) ક્રમાંક ૧૧મો છે. રાજ્યમાં ૨૦૧૧-૧૨માં ગરીબી રેખા બેઠળના કુટુંબોની ટકાવારી ૧૬.૬ ટકા છે, (ગ્રામીણ વિસ્તારમાં ૨૧.૫ ટકા અને શહેરી વિસ્તારમાં ૧૦.૧ ટકા) શહેરી અને ગ્રામીણ વચ્ચે અસમાનત પ્રમાણે વર્ષ ૨૦૧૧-૧૨માં ગ્રામીણ વિસ્તારમાં માસિક માથાદીઠ ખર્ચ રૂ. ૧૫૩૫.૬૬ છે, જે પૈકી ૫૫ ટકા રકમ ભોજન પર ખર્ચ કરવામાં આવે છે, જ્યારે શહેરી વિસ્તારમાં માસિક માથાદીઠ ખર્ચ રૂ. ૨૫૮૧.૨૮ છે. જે પૈકી ૪૫.૨ ટકા ખર્ચ ભોજન પર કરવામાં આવે છે. આમ ગ્રામીણ અને શહેરી વિસ્તારના માસિક ખર્ચમાં રૂ. ૧૦૪૬નો તફાવત છે. રાજ્યમાં બાળ મૃત્યુનો દર ૩૬ આંકનો છે, પરંતુ શહેરી વિસ્તારમાં બાળ મૃત્યુ દર ૨૧ છે અને ગ્રામીણ વિસ્તારોમાં ૪૩ છે, આમ શહેરી વિસ્તારો કરતાં ગ્રામીણ વિસ્તારોમાં બાળ મૃત્યુ દર લગભગ બમણો છે, જે માટે ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓનું અભાવ, પાણી જન્ય રોગો અને કુપોષણ વગેરે કારણો છે. રાજ્યમાં માતા મૃત્યુ દર ૧૧૨ છે, જે અન્ય રાજ્યો કરતાં ગણો વધારે છે. રાજ્ય માનવ વિકાસમાં વધારો કરવા માટે આરોગ્ય, શિક્ષણ અને પોષણની સેવાઓ માટે બજેટમાં નાણાકીય જોગવાઈઓમાં ખાસો વધારો કરવો જોઈએ, જેથી સામાજિક વિકાસ ઝડપી થઈ શકે.

**જાહેરાત ૦૧-૨૦૧૬**

ધોલેરા સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, બ્લોક નં. ૧૧/૧૨, ૩જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગરની કચેરીમાં ઝેરોક્ષ કામગીરી (પ્લોટરમાં નકશા કાઢાવાની કામગીરી સહિત) માટે એજન્સી નક્કી કરવાની હોઈ ગાંધીનગરની સ્થાનિક ઝેરોક્ષ એજન્સીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક વચ્ચે તા. ૧૨/૩/૨૦૧૬ સુધીમાં ઉપરોક્ત સરનામેથી 'ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી'ના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂમાં મેળવી શકાશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે. ટેન્ડર ફોર્મ ઉપરોક્ત અધિકારીને સીલબંધ કવરમાં તા. ૨૦/૩/૨૦૧૬ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આફવાના રહેશે.

**તા. ૧/૩/૨૦૧૬** — **મુખ્ય કારોબારી અધિકારી**
**સ્થળ : ગાંધીનગર** — **જી.એસઆઈઆરડીએ**
**માહિતી/૨૭૧૭/૧૫-૧૬**